## પાંડેસરા વિસ્તારમાંથી લેડીઝ પર્સની ચિલ ઝડપ કરતા રીઢા ચોર ઇસમને ઝડપતી, સુરત શહેર ક્રાઇમ બ્રાન્ચ.

સુરત શહેર વિસ્તારમાં વણશોધાયેલ ગુનાઓ શોધી કાઢવા તથા આવા બનતા ગુનાઓ અટકાવવા ક્રાઈમ બ્રાન્ચના અધિકારી/પોલીસ માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન હે.કો. મુકેશભાઇ મુળચંદભાઇ રાઠોડ તથા હે.કો. વિજયસિંહ બહાદુરસિંહ નાઓને બાતમી હકિકત મળેલ કે, રીઢા ચોર ઇસમ સોયેબખાન ઉર્ફે લાલ S/O રહીસખાન પઠાણ ઉ.વ.૨૦ ધંધો છુટક મજુરીકામ રહે. બિલ્ડીગ નં. સી-૧૫૨, રૂમ નં.૨, ભેસ્તાન અવાસ, ડીંડોલી, સુરત મુળ ગામ. ચોપડા જી. જલગાંવ મહારાષ્ટ્ર વાળાને ખટોદરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પર્સ ચિલઝડપ કરેલ મુદ્દામાલના મોબાઇલ ફોન નંગ-૦૨ કિંમત રૂ, ૧૫,૦૦૦/- ના મુદ્દામાલ સાથે શકમંદ હાલતમાં મળી આવતા તપાસ કરતા, કરાવતા નીચે મુજબના વણ શોધાયેલ ગુનાઓ શોધી કાઢવામાં આવેલ છે.

શોધી કાઢવામાં આવેલ ગુનાઓ:-_(૧) ખટોદરા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૧૯૩/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯,૩૫૬,૧૧૪ મુજબ.
(૨) ખટોદરા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૧૭૪/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯,૩૫૬,૧૧૪ મુજબ.

આરોપીઓની એમ.ઓ:-મોડી રાત્રીના સમયે બાઇક ઉપર નીકળી રીક્ષામાં જતા લેડીઝ પેસેન્જરના પર્સની ચિલઝડપ કરી ચોરી કરવાની ટેવવાળા.

આરોપીઓનો ગુનાહિત ઇતિહાસ :- (૧) મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં ફસ્ટ ગુ.ર.નં.૯૧/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯, ૩૫૬, ૧૧૪.

સહ આરોપી :-યુસુફ ઉર્ફે પલવા શેખ.